આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ:૨૭-૦૫-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## રાજકોટ આગ દુર્ઘટના -૦૧ HC-સુઓમોટો

રાજ્યની વડી અદાલતે રાજકોટમાં TRP ગેમઝોનમાં લાગેલી આગની ઘટના અંગે સુઓમોટો દાખલ કરી છે. હાઈકોર્ટે આ અકસ્માતને માનવસર્જિત ઘટના ગણાવી છે અને કહ્યું છે કે, આયોજકોની બેદરકારીને કારણે નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા છે.

તેમની ખંડપીઠે રાજકોટ, વડોદરા, સુરત અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકારને નોટિસ પાઠવીને આજે સુનાવણીમાં હાજર રહેવા જણાવ્યું છે.

ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ અને દેવેન દેસાઈની ખંડપીઠે ગઈકાલે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને પૂછ્યું હતું કે, તેઓએ આ ગેમિંગ ઝોનને ચલાવવા માટે કાયદાની કઈ જોગવાઈ હેઠળ મંજૂરી મેળવી છે. બેન્ચે કહ્યું કે, ગેમિંગ ઝોનના નિર્માણ અને સંચાલન માટે યોગ્ય નિયમોનું પાલન કરવામાં આવ્યું નથી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજકોટ આગ દુર્ઘટના -૦૨ શહેર પોલીસ કમિશ્નર

રાજકોટ ગેમ ઝોનમાં આગની ઘટનામાં રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં 6 લોકો સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરિયાદમાં ગેમઝોનના માલિક યુવરાજ સિંહ સોલંકી, પ્રકાશ સોલંકી, ધવલ ઠક્કર, અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, રાહુલ રાઠોડના નામ સામેલ છે. ક્રાઈમ બ્રાન્ચે ગેમ ઝોનના માલિક યુવરાજસિંહ સોલંકી સહિત બેની ધરપકડ કરી છે.

રાજકોટ શહેરના પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે જણાવ્યું કે, 2 લોકોની ધરપકડ કરવામાં આવી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ અન્યોની ધરપકડ કરવા માટે કામે લાગી છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજકોટ આગ દુર્ઘટના –એસ.આઈ.ટી

રાજ્યના ગૃહવિભાગે રાજકોટના ગેમઝોન ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની એસઆઇટીની રચના કરી છે, જેના અધ્યક્ષ સી.આઇ.ડીના અધિક પોલીસ મહાનિદેશક સુભાષ ત્રિવેદી છે. અન્ય સભ્યોમાં જુદા જુદા ક્ષેત્રના નિષ્ણાંતોની નિમણૂંક કરવામાં આવી છે.

રાજકોટ ગેમઝોનની ઘટનાની તપાસ કરીને પ્રાથમિક અહેવાલ 72 કલાકમાં રજૂ કરવાનો રહેશે. આ ઘટનામાં તપાસ ટીમે તમામ પાસાનો અભ્યાસ કરવાનો રહેશે અને તેનો વિસ્તૃત અહેવાલ રાજ્ય સરકારને 10 દિવસમાં રજૂ કરવાનો રહેશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજકોટ આગદુર્ઘટના-વેપારી એસોસિએશન-બંધ

રાજકોટમાં ગેમઝોનમાં આગની ઘટનામાં 28 વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા હતા. રાજકોટ શહેરના લોકોએ આ અંગે દુ:ખ વ્યક્ત કર્યું હતું. આ ઉપરાંત રાજકોટ શહેરના જુદા- જુદા વેપારી એસોસિયેશન અને સંગઠનોએ પણ ઉંડા દુ:ખની લાગણી વ્યક્ત કરી છે.

આજે રાજકોટના સોની બજાર, પેલેસ રોડ, ગુંદાવાડી વિસ્તાર સહિતના વેપારી એસોસિએશન દ્વારા સ્વયંભુ અડધો દિવસ કામકાજ બંધ રાખીને આગની દુર્ઘટનામાં મૃત્યુ પામેલા દિવંગતોને શોકાજંલિ અર્પણ કરાશે..

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------

## રાજ્ય ગેમઝોન ચકાસણી

રાજકોટની ગેમઝોનની દુર્ઘટના બાદ હવે રાજ્યભરના શહેરોમાં જ્યાં જ્યાં ગેમઝોન ચાલી રહ્યાં છે, તેની તપાસ કરવાના રાજ્ય સરકારે આદેશ આપ્યા છે.

અમદાવાદ,વડોદરા, સુરત જેવા મહાનગરો ઉપરાંત રાજ્યભરમાં આવેલા ગેમઝોનમાં સલામતી વ્યવસ્થા અંગે ચકાસણી કરવામાં આવી હતી.

કચ્છ જીલ્લામાં જીલ્લા મથક ભુજ અને ગાંધીધામ સહિતના વિસ્તારોમાં આવેલા ગેમઝોનમાં પણ સલામતી વ્યવસ્થા અંગે ચકાસણી કરવામાં આવી હતી.

**(RNU અમદાવાદ)**

---

## રેમાલ વાવાઝોડુ

તીવ્ર ચક્રવાત રેમાલ વાવાઝોડામાં ફેરવાઈ ગયું છે. તે ગઈકાલે મધ્ય રાત્રિની આસપાસ પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠાની વચ્ચે ટકરાયું. આ વર્ષના ચોમાસા અગાઉની સીઝનમાં બંગાળની ખાડી પર આ પ્રથમ ચક્રવાત છે. પશ્ચિમ બંગાળના દરિયાકાંઠાના જિલ્લાઓમાં અતિ ભારે વરસાદ થઈ રહ્યો છે. ઉત્તર ઓડિસા આસામ અને મેઘાલયમાં તેમજ અન્ય ઉત્તરપૂર્વીય રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી હવામાન વિભાગે આપી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં ગઈકાલે નવી દિલ્હી ખાતે બચાવ રાહત કામગીરી અંગે એક ખાસ બેઠક યોજવામાં આવી હતી. એન.ડી.આર.એફની 14 જેટલી ટીમ બચાવ રાહત કામગીરીમાં તૈનાત કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## પંડિત જવાહરલાલ નહેરુ પુણ્યતિથિ

સ્વતંત્ર ભારતના પ્રથમ સુકાની જવાહરલાલ નેહરુની આજે 60 મી પુણ્યતિથી છે. 1964 માં આજનાં દિને 75 વર્ષની વયે તેમણે જીવન લીલા સંકેલી લીધી હતી. આજે એ નિમિતે જીલ્લા મથક ભુજ અને અન્ય સ્થળોએ તેમની પ્રતિમાને  પુષ્પાંજલિ અર્પણ કરાશે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---

## રાજ્ય પાટણ-9D યાન

પાટણ રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે ગુજરાતનું પ્રથમ 9ડી ફ્લાઇટ સિમ્યુલેટર યાન બનાવવામાં આવ્યું છે. પાટણ રીજીયોનલ સાયન્સ સેન્ટરના નિયામક ડો. સુમિત શાસ્ત્રીએ જણાવ્યું છે કે, આ યાનમાં પર્યટકો બેસે એટલે અવકાશમાં જઇ રહ્યા હોય તેવી તેમને અનુભૂતિ થાય છે.

**(RNU અમદાવાદ)**

------------------------------------------------------------------------

## ક્રિકેટ-આઈ.પી.એલ

ઈન્ડીયન પ્રિમિયર લીગ આઈ.પી.આઈ.એલ-2024 ટી-20 ક્રિકેટ સ્પર્ધામાં ગઈકાલે ચેન્નઈના ચેપોક મેદાન ખાતે કોલકતા નાઈટ રાઇડર્સ ટીમે સન રાઈઝર્સ હૈદરાબાદની ટીમને 8 વિકેટે થી પરજીત ઇન્ડિયન પ્રીમિયર લીગની 17 મી સીઝનમાં વિજય સાથે ત્રીજી વખત ખિતાબ મેળવવામાં સફળતા મેળવી છે. હૈદરાબાદ ટીમે ટોસ જીતી બેટિંગ પસંદ કરી પરંતુ ટીમ 113 રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી. જવાબમાં કોલકતાની ટીમ 2 વિકેટ ગુમાવી 114 રન કરી વિજેતા થઇ  હતી. કોલકતા ટીમે આ અગાઉ  વર્ષ 2012 અને 2014 સ્પર્ધા જીતી હતી. શ્રેયસ ઐયરનાં સુકાની પદેની ટીમે એક દાયકા બાદ ચેમ્પિયનશીપમાં સફળતા મેળવી છે. અત્રે ઉલ્લખનીય છે કે , ઈન્ડીયન પ્રિમિયર લીગ-ની 2024ની સીઝનમાં  10 ટીમોએ ભાગ લીધો હતો.

**(ચંદ્રવદન પટ્ટણી)**

------------------------------------------------------------------------